Extra No. 225

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

S 21161

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVI] WEDNESDAY, SEPTEMBER 28, 2005/ASVINA 6, 1927

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART I-A**

**CENTRAL SECTION**

**Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.**

**PANCHAYATS, RURAL HOUSING AND RURAL DEVELOPMENT DEPARTMENT**

**Notification**

Sachivalaya, Gandhinagar, 27th September, 2005.

GUJARAT PANCHAYATS ACT, 1993.

No. KP/23/2005/PRR/1199/1525/D :- In exercise of the powers conferred by section 227 read with section 274 of the Gujarat Panchayats Act, 1993 (Gujarat 18th of 1993) and in supersession of all the rules made in this behalf, the Government of Gujarat hereby makes the following rules for regulating the reservation of vacancies in class III and Class IV, in the Gujarat Panchayat Services and posts for Ex-servicemen, namely,-

1. Short title.- These rules may be called the Gujarat panchayat Services (Reservation of Vacancies for Ex-Servicemen in Class III and Class IV posts and service) Rules, 2005.

2. Definitions.- In these rules, unless the context otherwise requires.-

(a) "Armed forces of the Union" means the Naval, Military of air Forces of the Union;

(b) "Disabled Ex-servicemen" means an Ex-servicemen who while serving in the Armed Forces of the Union was disabled in operations against the enemy or in disturbed areas;

(c) "Ex-servicemen" means a person who has served in any rank (whether as a conbatant or non-combatant) in the Regular Army, Navy and Air Force of the Union but does not include a person who has served in the Defence Security Corps, the General Reserve Engineering Force, the Lok Sahayak Sena and the Para Military Forces, and

(i) Who has retired from such service after earning his pension; or

(ii) Who has been released from such service on medical grounds attributable to Military Service or circumstances beyond his control and awarded medical or otherwise disability pension; or

(iii) who has been released, otherwise than at his own request from such service as a result of reduction in establishment;

(iv) who has been released from such service after completing the specfic period of engagement otherwise than at his own request or by way of dismissal or discharge on account of misconduct or inefficiency, and has been given a gratuity and includes personnel of the Territorial Army of the following categories, namely :-

(a) pension holders for continuous embodied service;

(b) persons with disability attributable to military service; and

(c) gallantry award winners.

Explanation I : The persons servicing in the Armed forces of the Union, who on retirement from service, would come under the category of "ex-servicemen" may be permitted to apply for re-employed one year before the Completion of the specified terms of engagement and avail themselves of all concessions available to ex-servicemen but shall not be permitted to leave the uniform until they complete the specified term of engagement in the Armed forces of the Union.

Explanation II : The Territorial Army personnel shall be treated as Ex-servicemen with effect from the 15th November, 1986.

Provided that personnel who are discharged due to misconduct or inefficiency with the following remarks in their discharge certificate shall not be considered as an ex-servicemen :

(a) deserter,

(b) tride by Summary Court Martial or, General court Martial,

(c) services no longer required.

(d) undesirable,

(e) Unlike to be an efficient soldier;

(v) for the period commencing the 15th Day of November, 1986 and ending with the 30th Day of June, 1987, any person who has been released,-

(a) at his own request after completing five years' service in the Armed Forces of the Union; or

(b) after serving for a continuous period of six months after attestation otherwise than at his own request or by way of dismissal or discharge on account of mis-conduct or inefficiency or has been transferred to the reserve, pending such release; shall be deemed to be ex-servicemen for the purpose of this clause.

(c) "Rescrved Vacancies" means vacancies reserved under rule 4 for being filled in by ex-servicemen.

3. Application :- These rules shall apply to all the categories of Class III and Class IV Panchayat Service posts and service.

4. Reservation of Vacancies.- (1) Ten percent of the vacancies in each of the categories of Class III posts of panchayat Service and of such posts in each Class III service and Twenty percent of the vacancies in each of the eategories of Class IV posts of Panchayat Service and of such posts in each Class IV service including permanent vacancies filled initially on a temporary basis and temporary vacancies which are likely to be permanent or are likely to continue for three months and more, to be filed in by direct recruitment in any year shall be reserved for being filled in by ex-servicemen;

Provided that the percentage of reservation so specified for ex-servicemen in a category of posts shall be increased or decreased in any one recruitment year to the extent to which the total number of vacancies reserved for ex-servicemen, Scheduled Castes and Scheduled Tribes (including the carried forward reservations for Scheduled Castes and Scheduled Tribes) and for any other categories taken together falls short or is in excess, as the case may be, of fifty percent of the vacancies in that category of posts filled in that year;

Provided further that in case of an increase in the reservation for the ex-servicemen under the preceeding proviso, the additional vacancies so made available for them shall be utlised first for the appointment of disabled ex-servicemen and if any such vacancies still remain unfilled thereafter, the same shall then be made available to other ex-servicemen.

(2) Out of the vancancies reserved for being filled in by ex-servicemen, vancancies shall be reserved for candidates belonging to the Scheduled Castes and Scheduled Tribes in accordance with the orders as are issued in this behalf by the Government.

Provided that if any ex-servicemen belonging to a Scheduled Caste or Scheduled Tribe is selected, his selection shall be counted against the orverall quota of reservations that shall be provided for Scheduled Castes or Scheduled Tribes in accordance with the orders issued by the Government.

5. Special provision regarding age limit For appointment to reserved vancancies, every ex-serviceman who has put in not less than six months continuous service in the Armed Forces of the Union shall be allowed to deduct the period of such service from his actual age if the resultant age does not exced the maximum age limit prescribed for the post and service for which he seeks appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit.

6. Special provision regarding educational qualifications :-

(1) For appointment to any reserved vancancies in the Class IV posts of Peon, Daftary, Jamadar and Record Sorter, every ex-servicemen, who has put in not less than three years service in the Armed Force of the Union shall be exempted from the prescribed educatioinal qualifications.

Explanation :- In computing the period of service for the purpose of this sub-rule, the period of service which a person has put in, in the Armed Forces of the Union, any period during which he served in a Civil Department of the Government of India shall be included.

(2) For appointment to any reserved vacancy in the Class IV posts other than those referred to in sub-rule (1), the appoining authority may at its discretion relax the minimum educational qualifications, if any, perscribed in respect of such post in favour of ex-servicemen who are otherwise eligible for appointment to such posts.

7. Amendment of Recruitment Rules.- All rules regulating the recruitment of persons to any of the posts in the Panchayat Service Class IV and Panchayat Service Class III under the Panchayat Services shall be subject to the provisions of these rules and shall be construed accordingly.

By order and in the name of the Governor of Gujarat,

**K. M. PATEL,**
Under Secretary to Government.

---

## પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

## જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૨૭ /૨૦૦૫/પીઆરઆર/૧૧૯૯/૧૫૨૫/ડી :- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩, (સને ૧૯૯૩ના ગુજરાતના ૧૮માં)ની કલમ ૨૭૪ સાથે વાંચતાં, કલમ ૨૨૭થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાત સરકાર આથી, ગુજરાત પંચાયત સેવાની વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ અને જગાઓમાં માજી સૈનિકો માટેની ખાલી જગાઓ માટેની અનામતનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે;

૧. ટૂંકી સંજ્ઞા :- આ નિયમો ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩ અને વર્ગ-૪ની જગાઓ અને સેવામાં માજી સૈનિકો માટે ખાલી જગાઓ અનામત રાખવા બાબત) નિયમો.૨૦૦૫ કહેવાશે.

૨. વ્યાખ્યા :- આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''સંઘના સશસ્ત્ર દળ'' એટલે સંઘના નૌકા દળ, ભૂમિ દળ અથવા હવાઈ દળ;

(ખ) ''અશક્ત માજી-સૈનિક'' એટલે સંઘના સશસ્ત્ર દળમાં સેવા બજાવતી વખતે દુશ્મન વિરૂધ્ધની અથવા અશાંત વિસ્તારોમાંની લશ્કરી કામગીરીમાં અપંગ થયા હોય તેવા માજી-સૈનિક :

(ગ) ''માજી-સૈનિક'' એટલે સંઘના નિયમિત ભૂમિ દળ, નૌકા દળ અથવા હવાઈ દળમાં કોઈપણ દરજ્જામાં (સૈનિક તરીકે અથવા બિન-સૈનિક તરીકે) સેવા બજાવેલ હોય તેવી વ્યક્તિઓ અને પ્રાદેશિક સેનાના નીચેના પ્રકારના કર્મચારીઓ એટલે કે:-

(ક) સળંગ સંઘટિત સેવા માટેના પેન્શન ધારકો :

(ખ) લશ્કરી સેવાને લીધે અશક્તતા ધરાવતી વ્યક્તિઓ : અને

(ગ) શૌર્ય ચંદ્રક વિજેતા વ્યક્તિઓનો સમાવેશ થાય છે પણ તેમાં જેણે સંરક્ષણ સલામતી દળ, સામાન્ય અનામત ઈજનેરી દળ, લોક સહાયક સેના અને અર્ધ-લશ્કરી દળમાં સેવા બજાવેલી હોય તેવી વ્યક્તિનો, અને

(૧) પોતાનું પેન્શન લીધા પછી આવી સેવાઓમાંથી નિવૃત થયેલ હોય તેવી વ્યક્તિનો; અથવા

(૨) જેને લશ્કરી સેવા અથવા તેના કાબુ બહારનાં સંજોગોને લીધે તબીબી કારણોસર આવી સેવામાંથી છૂટી કરવામાં આવેલી હોય અને તબીબી અથવા અન્ય અશક્તતા પેન્શન બીજી રીતે આપવામાં આવેલું હોય તેવી વ્યક્તિનો; અથવા

(૩) જે વ્યક્તિને મહેકમમાં ઘટાડા થવાના પરિણામે તેની પોતાની વિનંતીથી હોય તે સિવાય આવી સેવામાંથી અન્યથા છૂટી કરવામાં આવેલ હોય તેવી વ્યક્તિનો; અથવા

(૪) જે વ્યક્તિને નોકરીની ચોક્કસ મુદત પૂર્ણ થયા પછી તેની પોતાની વિનંતીને કારણે હોય તે સિવાય અન્યથા, ગેરવર્તણૂંક અથવા બિન કાર્યક્ષમતાને કારણે બરતરફ કરીને અથવા છૂટી કરીને, આવી સેવામાંથી છૂટી કરવામાં આવેલ હોય અને ગ્રેજ્યુઈટી આપવામાં આવેલી હોય તેવી વ્યક્તિઓનો સમાવેશ થતો નથી.

સ્પષ્ટીકરણ ૧ : સંઘના સશસ્ત્ર દળમાં સેવા આપતી જે વ્યક્તિઓ સેવામાંથી નિવૃત્ત થતાં ''માજી-સૈનિક'' ની કક્ષા હેઠળ આવશે તેમને, નોકરીની નિર્દિષ્ટ મુદત પૂર્ણ થયાના એક વર્ષ પહેલાં ફરી નિમણૂંક માટે અરજી કરવાની પરવાનગી આપવામાં આવશે અને તેઓ માજી સૈનિકને મળવાપાત્ર હોય તેવી તમામ છૂટછાટો મેળવી શકશે. પરંતુ તેઓ સંઘના સશસ્ત્ર દળમાં નોકરીની નિર્દિષ્ટ મુદત પૂર્ણ ન કરે ત્યાં સુધી તેઓને ગણવેશ છોડવાની પરવાનગી આપવામાં આવશે નહિ''.

સ્પષ્ટીકરણ ૨ : પ્રાદેશિક સેનાના કર્મચારીઓને ૧૫મી નવેમ્બર. ૧૯૮૬ના રોજથી અમલમાં આવે તેમ માજી-સૈનિક તરીકે ગણવામાં આવશે :

પરંતુ, ગેરવર્તણૂંક અથવા બિનકાર્યક્ષમતાને કારણે તેઓના છૂટા કર્યાના પ્રમાણપત્રમાં નીચેની નોંધ સાથે છૂટા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓને માજી સૈનિક ગણવામાં આવશે નહિ :

(ક) ભાગી જનાર (ભાગેડું)

(ખ) સંક્ષિપ્ત સેના ન્યાયાલય અથવા સામાન્ય સેના ન્યાયાલય ધ્વારા અદાલતી કાર્યવાહી ચલાવવામાં આવેલી હોય,

(ગ) સેવાની લાંબો સમય જરૂરીયાત ન હોય.

(ઘ) અનિચ્છનિય હોય.

(ચ) કાર્યક્ષમ સૈનિક બની શકે તેમ ન હોય તેવો કર્મચારી.

(૫) ૧૫મી નવેમ્બર, ૧૯૮૬ના રોજથી શરૂ થતી અને ૩૦મી જૂન ૧૯૮૭ના રોજ પૂરી થતી મુદત દરમિયાન,-

(ક) સંઘના સશસ્ત્ર દળમાં પાંચ વર્ષની સેવા પૂર્ણ થયા બાદ પોતાની વિનંતીથી છૂટી કરવામાં આવેલી હોય; અથવા

(ખ) પોતાની વિનંતીથી હોય તે સિવાય અન્યથા એટેસ્ટેશન (સાખ-દસ્તક) બાદ છ મહિનાની સળંગ મુદત માટે સેવા આપ્યા પછી પોતાની વિનંતીથી હોય તે સિવાય અન્યથા છૂટી કરેલી હોય અથવા ગેરવર્તણૂંક અથવા બિનકાર્યક્ષમતાને કારણે બરતરફ કરીને અથવા નોકરીમાંથી છૂટી કરીને મુક્ત (છૂટી) કરવામાં આવેલી હોય અથવા અનામત (સશસ્ત્રદળ)માં તબદિલ કરવામાં આવેલી હોય તેવી કોઈપણ વ્યક્તિ આવી છૂટા કર્યાની કામગીરી અનિર્ણિત હોય ત્યાં સુધી. આ ખંડના હેતુ માટે માજી-સૈનિક હોવાનું ગણાશે.

(ગ) ''અનામત ખાલી જગાઓ'' એટલે માજી-સૈનિક ધ્વારા ભરવાની હોય તેવી નિયમ ૪ હેઠળ અનામત રાખેલી ખાલી જગાઓ.

૩. લાગુ પાડવા બાબત :- આ નિયમો પંચાયત સેવાની વર્ગ-૩ની અને વર્ગ-૪ની તમામ જગાઓ અને સેવાઓને લાગુ પડશે.

૪. ખાલી જગાઓ અનામત રાખવા બાબત :- (૧) પંચાયત સેવાની કામચલાઉ ધોરણે શરૂઆતમાં ભરેલી કાયમી ખાલી જગાઓ અને કાયમી બનવાનો અથવા ૩ કે તેથી વધુ મહિના સુધી ચાલુ રહેવાનો સંભવ હોય તેવી કોઈપણ વર્ષમાં સીધી ભરતીથી ભરવાની હંગામી ખાલી જગાઓ સહિત વર્ગ-૩ની દરેક કક્ષાની ૧૦ ટકા ખાલી જગાઓ અને પંચાયત સેવાની વર્ગ-૪ની દરેક કક્ષામાંની ૨૦ % ખાલી જગા માજી સૈનિકોથી ભરવા માટે અનામત રાખવી જોઈશે.

પરંતુ જેને જગાની કક્ષામાં માજી સૈનિક માટે એવી રીતે નિર્દિષ્ટ કરેલી અનામતની ટકાવારીમાં માજી સૈનિક અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે આગળ ખેંચી લાવેલી ખાલી જગાઓ સહિત) અને તેની સાથે લીધેલી બીજી કોઈપણ કક્ષાઓ માટે અનામત રાખેલી કુલ જગાની સંખ્યામાં તે વર્ષમાં ભરેલી તે કક્ષાઓની જગાઓમાં જગા ૫૦% થી ઘટે અથવા યથાપ્રસંગ ૫૦% થી વધે તેટલે સુધી કોઈપણ એક ભરતી વર્ષમાં વધારો કે ઘટાડો કરી શકાશે.

વધુમાં આગાઉના પરંતુક હેઠળ માજી સૈનિક માટેની અનામતમાં વધારો થાય તેવા કિસ્સામાં તેમના માટે એવી રીતે ઉપલબ્ધ થયેલી વધારાની ખાલી જગાઓ. સૌપ્રથમ અશકત માજી સૈનિકોની નિમણૂંક માટે વાપરવાની રહેશે અને તેના પછી પણ આવી કોઈ જગા ભરાયા વગરની રહેતી હોય તો તેવી જગા અન્ય માજી સૈનિકોને માળવાપાત્ર થશે.

(૨) માજી સૈનિકો દ્વારા ભરવા માટે અનામત રાખી હોય તે પૈકીની ખાલી જગાઓ સરકારે આ અર્થે બહાર પાડેલા હુકમો અનુસાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારો માટે ખાલી રાખવામાં આવશે.

પરંતુ અનુસૂચિત અથવા અનુસૂચિત આદિજાતિનો કોઈ માજી સૈનિક પસંદ થાય તો તેની પસંદગી અનામતના સમગ્ર કવોટાની સામે ગણવામાં આવશે. જેની જોગવાઈ સરકારે બહાર પાડેલા હુકમો અનુસાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે કરવામાં આવશે.

૫. વયમર્યાદા સંબંધી ખાસ જોગવાઈ અનામત ખાલી જગાઓ પરની નિમણૂંક માટે સંઘના સશસ્ત્ર દળમાં ઓછામાં ઓછી છ મહિનાની સળંગ સેવા આપેલી હોય તેવો દરેક માજી સૈનિક પોતાની ખરેખર વય હોય તેમાંથી આવી સેવાની મુદત બાદ કરી શકશે અને આવી પારીણામિક વય પોતે જે જગા અને સેવા માટે ત્રણથી વધુ વર્ષ સુધી નિમણૂંક મેળવતો હોય તે જગા અને સેવા માટે ઠરાવેલી મહત્તમ વયમર્યાદાથી વધી જતી હોય તો. તે, વયમર્યાદા સંબંધી શરતો પરિપૂર્ણ કરતો હોવાનું ગણાશે.

૬. શૈક્ષણિક લાયકાતો સંબંધી ખાસ જોગવાઈ :-

(૧) પટાવાળા, દફતરી, જમાદાર અને રેકોર્ડ સોર્ટરની વર્ગ-૪ની જગાઓમાંની કોઈ અનામત ખાલી જગા પરની નિમણૂંક માટે. સંઘના સશસ્ત્ર દળોમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી સેવા આપેલી હોય તેવા દરેક માજી સૈનિકને ઠરાવેલી શૈક્ષણિક લાયકાતોમાંથી મુક્તિ આપવામાં આવશે.

**સ્પષ્ટીકરણ** :-આ પેટા-નિયમના હેતુ માટે સેવાની મુદત ગણતી વખતે. વ્યક્તિએ સંઘના સશસ્ત્ર દળમાં જે સેવા આપેલી હોય તેની મુદતમાં ભારત સરકારના મુલકી વિભાગમાં જે કોઈ મુદત દરમિયાન સેવા આપેલી હોય તે મુદતનો સમાવેશ કરવાનો રહેશે.

(૨) પેટા-નિયમ(૧)માં ઉલ્લેખેલી હોય તે સિવાયની વર્ગ-૪ની જગાઓમાંની કોઈ અનામત ખાલી જગા પરની નિમણૂંક માટે. નિમણૂંક સત્તાધિકારી. આવી જગાઓ પરની નિમણૂંક માટે અન્યથા પાત્ર ઠરતા હોય તેવા માજી સૈનિકોની તરફેણમાં આવી જગાના સંબંધમાં કોઈ લઘુત્તમ શૈક્ષણિક લાયકોતો ઠરાવેલી હોય તો પોતાની વિવેકબુધ્ધિ અનુસાર તેમાંથી છૂટછાટ આપી શકશે.

૩. ભરતી નિયમો સુધારવા બાબત :- પંચાયત સેવા હેઠળની પંચાયત સેવા વર્ગ-૪ અને પંચાયત સેવા વર્ગ ૩માંની કોઈપણ જગા પર વ્યક્તિઓની ભરતીઓનું નિયમન કરતા તમામ નિયમો આ નિયમોની જોગવાઈઓને અધીન રહેશે, અને તદ્નુસાર તેનું અર્થઘટન કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કે. એમ. પટેલ,**

સરકારના ઉપસચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.